# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ભારત સરકારના પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના કાર્યક્રમ અંતર્ગત ખેડૂત સંમેલન યોજાયું

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ભારત સરકારના પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના કાર્યક્રમ અંતર્ગત ખેડૂત સંમેલનનું આયોજન તા. ૨૪-૦૨-૨૦૧૯, રવીવાર ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે યોજાયું. આ ખેડૂત સંમેલનમાં અમદાવાદ જિલ્લાના આશરે ૮૧૦ ખેડૂત ભાઈઓ અને બહેનોએ કાર્યક્રમ નો લાભ લીધો હતો.

આ ખેડૂત સંમેલનમાં ભારત સરકાર ના માર્ગ, પરિવહન અને હાઇવે, શિપીંગ, કેમિકલ્સ અને ફર્ટીલાઇઝર ના માનનિય રાજ્યમંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહીને ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેતી પધ્ધતિ અપનાવવા માટે અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ની મુલાકાત લઇ ને ખેતીલક્ષી પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે અનુરોધ કર્યો હતો અને સાથે સાથે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના વિશે પણ માહિતી આપી હતી.

કાર્યક્રમના અતિથિ  વિશેષ ડૉ. અરુણભાઈ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ, ધોળકા તાલુકાના પ્રાંત અધિકારીશ્રી ધવલભાઇ જાની, જીલ્લા પંચાયત સદસ્ય શ્રી. કિરીટસિંહ ડાભી, તાલુકા વિકાસ અધિકારીશ્રી બિપીનભાઇ સાધુ, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા, અમદાવાદ ડૉ. વી. એમ. બથાર સાહેબશ્રીઓ ઉપસ્થિત રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો.

કાર્યક્રમ ના પ્રારંભમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજના ડૉ. જીગર એચ. પટેલ, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન) દ્વારા મહેમાંશ્રીઓનું શબ્દિક સ્વાગત અને પરિચય આપ્યો હતો અને ત્યાર્બાદ પુષ્પ્ગુચ્છથી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતું.  ત્યારબાદ સવારના ૧૧ થી ૧૧:30 કલાક દરમ્યાન માનનિય મુખ્યમંત્રી શ્રી.નરેન્દ્રભાઇ મોદીનો  મન કી બાત કાર્યક્રમ અને ૧૧;300 થી ૧૨:30 કલાક દરમ્યાન ગોરખપુર, ઉત્તરપ્રદેશ થી આયોજીત જીવંત પ્રસારણ કાર્યક્રમ ઉપસ્થિત મહેમાનશ્રીઓ અને ખેડૂત મિત્રોએ ઉત્સાહપૂર્વક નિહાળ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડૉ. પી.ડી.પટેલ, વૈજ્ઞાનિક (બાગાયત), ડૉ. જી.આર.જાડેજા, વૈજ્ઞાનિક (ગૃહ વિજ્ઞાન), શ્રી. ડી. જે. રંગપરા, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી), શ્રી. કે. એન. રણા (ફાર્મ મેનેજર), તેમજ કૃષિ સંશોધન કેન્દ્રના વડા  શ્રી. એચ. બી. પટેલ તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. જે.કે.પટેલના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતિમ ચરણમાં ડૉ. પી.ડી. પટેલ, વૈજ્ઞાનિક (બાગાયત) એ આભાર દર્શન રજૂ કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરી ઉપસ્થિત તમામને સ્વરુચિ ભોજન લેવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમની ઝાંખી :












કિસાન સમ્માન નિધિ યોજના
(PM-KISAN) કાર્યક્રમ


પ્રધાનમંત્રી
કિસાન સમ્માન નિધિ યોજના
(PM-KISAN) કાર્યક્રમ


પ્રધાનમંત્રી
કિસાન સમ્માન નિધિ યોજના
(PM-KISAN) કાર્યક્રમ







